# ઊંઝામાં તસ્કરોનો તરખાટ

ઊંઝા, તા. ૫

ઊંઝા વિસ્તારમાં પોલીસની નિષ્ક્રિયતાને કારણે થોડા સમયના વિરામ બાદ તસ્કરો પુનઃ સક્રિય થતાં ઘરફોડીચોરી, વાહનચોરી તેમજ અન્ય ચોરીઓનો ઉપદ્રવ વધવા માંડ્યો છે. તાજેતરમાં ઊંઝા ખાતે હાઈવે પરના એક એસ્ટેટ ગોડાઉનમાંથી રૂપિયા સાડા પાંચ લાખની કિંમતની મત્તાની જીરા અને તલની બોરીઓની ઉઠાંતરીમાં ગુનેગારોનુંકોઈ પગેરૂ પોલીસ શોધી શકી નથી ત્યાં શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી બે મોટર સાયકલોની ચોરીઓ તેમજ તાલુકાના કહોડા ગામે બે રહેણાંક મકાનોને નિશાન બનાવ્યા હતા. જેમાં ઉર્વેશકુમાર પરસોત્તમભાઈ સોલંકીના રહેણાંકવાળા મકાનના લોખંડના દરવાજાની પટ્ટી તોડી અંદર પ્રવેશ કરી કોઈ તસ્કરો એલ.ઈ.ડી. નંગ-૨ જેની કિંમત રૂપિયા ૧૮,૫૦૦ની થવા જાય છે. તેની ચોરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હોવાનો બનાવ પોલીસ દફતરે નોંધાયેલ છે.

દરમિયાન ઊંઝા પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં મિલકત વિરૂદ્ધના ગુનાઓની સાથે દારૂ જુગાર જેવી અસામાજીક બદીઓ પણ ફુલી ફાલી હોવાનું લોકજીભે ચર્ચાય છે. અસામાજીક પ્રવૃત્તિઓને નેસ્તનાબુદ કરવામાં, શહેરના મુખ્ય રાજમાર્ગ તેમજ હાઈવે એ.પી. એમ.સી. સર્કલ પાસે ટ્રાફિકની સમસ્યાને હલ કરવામાં તેમજ પોલીસ મથકે નોંધાયેલ ગંભીર પ્રકારના ગુનાઓના ભેદ ઉકેલવામાં તંત્ર નિષ્ફળ નિવડતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી જવા પામી છે. બીજુ ઊંઝા પોલીસ મથકે જરૂરી દાખલાઓ, પાસપોર્ટ ઈન્કવાયરીના કામે નાગરિકોને ધક્કા ખાવા પડે છે તેવી લોક ફરિયાદો ઉઠી છે.



## પ્રાંતિજના આમોદરામાં ૨૫ પાટીદારોની અટકાયત

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના આમોદરા સીમમાં વગર મંજુરી સભા યોજી સભાનું સંબોધન કરનાર તથા આયોજકો કુલ ૨૯ પાટીદારો સામે જાહેરનામાનો ભંગ બદલ પ્રાંતિજ પોલીસ દ્વારા કેસ કરવામાં આવ્યો હતો. પ્રાંતિજ પોલીસ દ્વારા પાટીદારો દ્વારા આમોદરા ખાતે વગર મંજુરીએ આમોદરા ગામની સીમમાં ટ્રેક્ટરની ટોલી ઉપર મંચ બનાવી બીજા ટેલરમાં લાઉડસ્પીકર મુકી ૩૦૦૦ હજારથી વધારે પાટીદારો વચ્ચે સભાનું આયોજન કર્યું હતું. જેમાં વગર મંજુરીએ આયોજન કરતાં જાહેરનામાનો ભંગ થતાં આયોજકો, સંબોધકો, કન્વીનરો સહિત ૨૯ પાટીદારો સામે ૧૮૮ મુજબ કેસ થયો હતો. જેમાં પ્રાંતિજ પોલીસે ૨૫ની અટકાયત કરી હતી. જેમાં ત્રણ પાટીદાર મહિલાઓને તલોદ કોર્ટમાં હાજર કરવામાં આવી હતી અને ૨૩ પાટીદારોને પોલીસે અટકાયત કરી છે.

# ઈસરી ગ્રામ પંચાયતના સરપંચે સરકારી ગ્રાન્ટનો પોતાના અંગત ખર્ચમાં ઉપયોગ કર્યાનો આક્ષેપ

મોડાસા, તા. ૫

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ઈસરી ગ્રામ પંચાયતમાં સરકાર તરફથી વિકાસના કામો માટે લાખો રૂપિયાની ગ્રાન્ટ તો ફાળવવામાં આવે છે પરંતુ આ ગ્રાન્ટ ગામના વિકાસમાં વાપરવાની જગ્યાએ ઈસરી ગ્રામ પંચાયતના સરપંચ પોતાના અંગત ઉપયોગમાં વાપરી નાખતા હોવાની બુમ ઉઠવા પામી છે.

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાની અંદર ઈસરી ગામે ગામમાં સુવિધાઓને લઈને મીંડુ જોવા મળી રહ્યું છે. ઈસરી ગામની અંદર પ્રવેશતાની સાથે જ દુર્ગંધના કારણે તમે હેરાન પરેશાન થઈ જશો ગામમાં ઠેર ઠેર ગંદકીના ઢગ જોવા મળી રહ્યા છે જ્યારે સરકાર દ્વારા ઘેર ઘેર સૌચાલયની મોટા પાયે જાહેરાત કરવામાં આવી હતી. ત્યારે ઈસરી ગ્રામ પંચાયત જાણે કે આ યોજનાનો છેદ ઉડાડતી હોય તેમ આ ગામમાં શૌચાલય બનાવવા માટે શોષ ખાડા તો ખોદી નાખવામાં આવ્યા છે. પરંતુ હજુ સુધી શૌચાલયોનું કોઈ ઠેકાણું નથી જ્યારે ગામની અંદર આવેલા રોડ ઉપર પણ મસમોટા ખાડા પડી જવાના કારણે આ ખાડાઓમાં ગટર લાઈનની કોઈપણ જાતની સુવિધા ના હોવાના કારણે આ ખાડાઓ પાણીથી ભરાઈ ગયા છે જ્યારે આ પાણી ભરવાના કારણે મોટો રોગચાળો ફેલાવાનો ભય રહેલો છે.

ગ્રામ પંચાયતમાં આજથી બે વર્ષ પહેલા સરકાર દ્વારા ગામમાં કચરાના ઢગ ના થાય તે માટે સરકાર દ્વારા ઘેર ઘેરથી કચરો ઉઘરાવવા માટે ટ્રેક્ટર ફાળવવામાં આવ્યું હતું પરંતુ સરપંચ દ્વારા આ ટ્રેક્ટર પોતાના અંગત કામ માટે ઉપયોગમાં લેવામાં આવી રહ્યું હોવાની ગ્રામજનો દ્વારા ફરિયાદ કરવામાં આવી રહી છે જ્યારે ગામમાં આવેલી પીવાના પાણીની ટાંકી અને ભંગાર હાલતમાં જોવા મળી રહી છે અને આ ટાંકીમાં મસમોટી લીલ જામેલી છે જેને લઈને ગામલોકોને આ દુષિત પાણી પીવાનો વારો આવ્યો છે. સત્વરે તંત્ર દ્વારા આ અંગે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગ ઉઠવા પામી છે.

જ્યારે આ અંગે ઈસરી ગ્રામ પંચાયતના સરપંચનો સંપર્ક સાધતા સરપંચે પોતાના ગામમાં સબ સલામત હોવાનું રટણ ચાલુ રાખ્યું હતું તો આ બાબતે મેઘરજના તાલુકા વિકાસ અધિકારીને પુછતા તેમને આ બાબતે તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. મેઘરજ તાલુકાનાનું ઈસરી ગામ જાણે કે હજુ પણ પુરાના યુગમાં જીવી રહ્યું હોય તેમ ગામમાં સુવિધાના નામે મીંડુ જોવા મળી રહ્યું છે. આ ગામમાં સરકારની એકપણ યોજના અમલમાં ના હોય તેવું પ્રતિત થઈ રહ્યું છે. શું વહીવટી તંત્ર આ ગામના વિકાસ માટે યોગ્ય કાર્યવાહી કરશે ખરૂ ?

# માલપુર ચોકડી પાસે ડમ્પરની ટક્કરે બાઈકચાલકનું મોત

વડાગામ, તા. ૫

અરવલ્લી જિલ્લાના ધનસુરા નજીક આવેલી માલપુર ચોકડી પાસે વારંવાર અકસ્માત સર્જાવાની અને




અકસ્માતમાં મોત નિપજવાની ઘટનાઓ બનતી રહે છે. ધનસુરાની માલપુર ચોકડી પાસે રવિવારે બપોરે ધનસુરાના આશાસ્પદ ક્ષત્રિય યુવાન બાઈક લઈને પસાર થઈ રહ્યો હતો ત્યારે યમદુત બનીને ધસમસતા આવેલા ડમ્પરે બાઈકને અડફેટે લેતાં બાઈકચાલકનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજતાં ધનસુરા પંથકમાં શોકની લાગણી ફેલાઈ હતી. અકસ્માતના પગલે દોડી આવેલી ધનસુરા પોલીસે ડમ્પર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

ધનસુરા-બાયડ રાજ્ય ધોરીમાર્ગ પર આવેલી ધનસુરાથી માલપુર જવાના માર્ગ પર પડતી ચોકડી પર વારંવાર અકસ્માત સર્જાવાની ઘટનાઓ બનતી રહે છે. રવિવારે બપોરે ધનસુરા ગામનો ૨૨ વર્ષીય આશાસ્પદ યુવાન અજયકુમાર જયંતિભાઈ ઠાકોર કામકાજ અર્થે માલપુર ચોકડી પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે ડમ્પરના ચાલકે પોતાના કબ્જાનું ડમ્પર પૂરઝડપે ગફલતભરી રીતે હંકારી લાવી બાઈકને અડફેટે લેતા બાઈક ચાલક રોડ પર પટકાયો હતો અને બાઈકચાલક પર ડમ્પરનું ટાયર ફરી વળતા બાઈક ચાલકને માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે જ બાઈક ચાલક અજય ઠાકોરનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતાં ૧૦૮ ઈમરજન્સી સેવા આવી પહોંચે તે પહેલા જ યુવાનનું પ્રાણ પંખેરૂ ઉડી જતા હાહાકાર મચ્યો હતો. રવિવારે ધનસુરા ગામના યુવાનનું ગામની નજીક જ અકસ્માતમાં મોત નિપજતાં લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. અકસ્માતના પગલે ધનસુરા ગામમાં અને આજુબાજુના પંથકમાં તથા ક્ષત્રિય સમાજમાં આશાસ્પદ યુવાનનું અકસ્માતમાં અકાળે મોત નિપજતાં ગમગીની છવાઈ હતી.

# પલ્લાચર ગામે દસ વિરૂદ્ધ જાહેરનામા ભંગ બદલ ફરીયાદ

### અંધશ્રદ્ધા, બેટી બચાવો, વ્યસન મુક્તી વગેરે કારણો દર્શાવી મંજુરી માંગી હતી

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પલ્લાચર ગામે મંજુરીની આડમાં ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાની બેઠક યોજાવામાં આવતા દસ વિરૂદ્ધ પોલીસ ફરીયાદ નોંધાઈ છે.

પ્રાંતિજના પલ્લાચર ગામે ગઈકાલે રાત્રીના સમયે આરોપીઓએ વ્યસનમુક્તી, શૈક્ષણિક જાગૃતિ, કુરીવાજો, અંધશ્રદ્ધા, બેટી બચાવો, બાળ લગ્ન વગેરે કારણો દર્શાવી સંમેલનની મંજુરી માંગી હતી. પરંતુ હકીકતમાં સંમેલન ક્ષત્રિય ઠાકોર સેનાના બેનર હેઠળ યોજવામાં આવતાં તે બાબતની મંજુરી નહી આપવા છતાં સભાનું આયોજન કરી સંબોધન કરી ૪૦૦ થી ૫૦૦ જેટલી સ્ત્રી પુરૂષો ભેગા થતાં જાહેર નામાનો ભંગ કરતાં પ્રાંતિજ પોલીસના કો. વજુસિંહ વિરસિંહ દ્વારા દસ વિરૂદ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવામાં આવી હતી. જેમાં ચૌહાણ જેઠુસિંહ ફતેસિંહ, ભાલુસિંહ પુનસિંહ, રામસિંહ કાન્તીસિંહ, જયેન્દ્રસિંહ હઠુસિંહ, જગતસિંહ શનસિંહ આ બધાં રહે. પલ્લાચર જ્યારે રણજીતસિંહ જેઠુસિંહ, દિપક ઠાકોર, રહે. વડાલી, પ્રશાંત ઠાકોર રહે. વડાલી, ભરતસિંહ ઠાકોર રહે. સીતવાડા, પ્રવિણસિંહ ઠાકોર રહે. દહેગામ જ્યારે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી દસ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ખેડબ્રહ્મા-પોશીના પત્રકાર સંઘના હોદ્દેદારોની વરણી

ખેડબ્રહ્મા-પોશીના તાલુકાના પત્રકારોની મીટીંગ મળી હતી. જેમાં



ખેડબ્રહ્મા-પોશીના પત્રકાર સંઘના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. આ મીટીંગમાં અરવિંદભાઈ આર. ઠક્કરની સર્વાનુમતે પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી. જ્યારે ઉપપ્રમુખ તરીકે હસમુખભાઈ પંચાલ, વિજયભાઈ જોષી અને મંત્રી તરીકે હિતેશભાઈ દવે અને ખજાનચી તરીકે રમેશભાઈ વૈષ્ણવની વરણી કરવામાં આવી હતી. આ પ્રસંગે અમૃતભાઈ સોની, રાજુભાઈ ઉપાધ્યાય, ચંદુભાઈ પ્રજાપતિ, ભરતભાઈ ચૌહાણ, નિકુંજ રાવલ, રામજી મહારાજે સર્વે હોદ્દેદારોની નિમણુંકને વધાવી અભિનંદન પાઠવ્યા હતા.

## ગ્રેવીટી ધ સ્કૂલ ઓફ સાયન્સમાં વાલી સંમેલન

ખેડબ્રહ્મા, તા. ૫

ખેડબ્રહ્માની ગ્રેવીટી ધ સ્કૂલ ઓફ સાયન્સમાં ધો. ૧૦ થી ૧૨ના વિદ્યાર્થીઓનું વાલીસંમેલન યોજાયું હતું. જેમાં વાલીઓએ હાજરી આપી બાળકોને મુંજવતા પ્રશ્નોનું નિરાકરણ મેળવ્યું હતું. આ સમારંભમાં પ્રિલિમ પરીક્ષામાં નં. ૧ થી ૩ આવનાર વિદ્યાર્થીઓને ઈનામ, પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વાલીઓમાંથી કે.વી. પટેલની ઉપસ્થિતિમાં શાળાના મેને. ટ્રસ્ટી દિનેશભાઈ પટેલ, ગોપાલભાઈ પટેલે વાલીઓના પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય નરેન્દ્રસિંહ દેવડા, હરીહર પાઠક, અંબુભાઈ પટેલે બાળકોને માર્ગદર્શન આપ્યું હતું.

# આવતીકાલે બનાસકાંઠાના સહકારી અગ્રણી અણદાભાઈ પટેલનું બોલામણું

પાલનપુર, તા. ૫

બનાસડેરીના છેલ્લા ૨૧ વર્ષથી એક હથ્થુ વહીવટની સામે ભ્રષ્ટાચાર અને સગાવાદને નાબુદ કરવા અને બનાસકાંઠા જિલ્લાના પશુપાલકોને ન્યાય અપાવવા મેદાને પડેલા બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘના ચેરમેન, એ.પી.એમ.સી. થરાના ચેરમેન, બનાસ બેંક અને ડેરીના ડીરેક્ટર, ભાજપના આગેવાન એવા અણદાભાઈ આર. પટેલ અને લક્ષ્મણભાઈ એન. પટેલ (માનપુરા-ઉણ) અને તેમના સાથીઓ પર ગત તા. ૨૨-૯-૨૦૧૫ના રોજ બનાસડેરી ખાતે થયેલ જીવલેણ હુમલામાં ઈજાઓ થઈ હતી. આથી તેઓની તબીયત બગડતા અમદાવાદ સીવીલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા.

ત્યારે બનાસકાંઠા જિલ્લા પશુપાલકો, સગા વ્હાલા, સ્નેહીજનો, નાના-મોટા તમામ હિતેચ્છુ મિત્રો, દરેક સમાજના સામાજિક રાજકીય મહાનુભાવોના આશિર્વાદ અને પ્રાર્થનાથી તેમની તબિયત સ્વસ્થ થઈ નવુ જીવન મળ્યું છે. અને તેઓને હોસ્પિટલમાંથી ઘેર લાવી દેવામાં આવ્યો છે. સ્નેહીશ્રીઓને ખબર અંતર પુછવા માટે શુભેચ્છા મુલાકાત/બોલામણું તા. ૭-૧૦-૨૦૧૫ને બુધવારના રોજ ૯ કલાકથી રાખવામાં આવ્યું છે તો તમામ સ્નેહીજનોને શુભેચ્છા સમારોહમાં આવવા જણાવ્યું છે.

## મોડાસાના ચેઈન સ્નેચરને પોલીસ પ્રાંતિજથી લઈ આવી

મોડાસા શહેરના બસસ્ટેન્ડ પાછળ આવેલી જુની આરટીઓ કચેરી પાસેથી ૧૩ જૂને પસાર થતી મહેશ્વરી પરિવારની મહિલાના ગળામાંથી અચાનક આવી ચડેલા બાઈક સવાર ત્રણ યુવકોએ મહિલા હજુ તો કંઈ સમજે તે પહેલા ગળામાંથી સોનાનો દોરો તફડાવી છુ મંતર થઈ ગયો હતો. ચેઈન સ્નેચીંગથી હેબતાઈ ગયેલી મહિલાએ અંગે પરિવારજનોને જાણ કરતાં પરિવારજનો-મહિલાએ ચેઈન સ્નેચીંગ અંગે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી ચેઈન સ્નેચરોને ઝડપી પાડવા ઉગ્ર માંગ કરી હતી. મોડાસા પોલીસે રામપાર્ક સોસાયટી ત્રણ રસ્તા ઉપર લગાડવામાં આવેલ સીસીટીવી કેમેરાના ફુટેજને આધારે તપાસ હાથ ધરી હતી. ચેઈન સ્નેચીંગના ગુનામાં સંડોવાયેલા પ્રાંતિજના જીજ્ઞેન પ્રજાપતિ અને જીતુ પરમાર ઝડપાઈ ગયા હતા.

### ભણતરની કસોટી શરૂ થાય તે પહેલા જીંદગીની કસોટી સામે હાર

# મોડાસાના રખીયાલ ગામના ધોરણ-૧૨ના આશાસ્પદ વિદ્યાર્થીનું ટ્રેક્ટરમાંથી પડી જતાં ઘટનાસ્થળે મોત

મોડાસા, તા. ૫

અરવલ્લી જિલ્લામાં રવિવારે સાંજના સુમારે બે જુદી જુદી જગ્યાએ અકસ્માતમાં બે ક્ષત્રિય યુવાનોના મોત નિપજતાં ક્ષત્રિય સમાજમાં શોકની લાગણી ફેલાઈ છે. મોડાસા તાલુકાના રખીયાલ ગામના ધો.૧૨માં અભ્યાસ કરતા યુવાનનું રવિવારે સાંજના સુમારે ટ્રેક્ટરમાં મજૂરી કામે ગયો હતો જ્યાં ટ્રેક્ટરમાંથી આકસ્મીક રીતે યુવાન નીચે પટકાઈ જતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. મૃતક વિદ્યાર્થીની ધોરણ-૧૨ની પરીક્ષા આજથી શરૂ થતી હતી તે પહેલા જ અકસ્માતમાં મોત નિપજતાં રખીયાલ ગામમાં શોક ફેલાયો હતો. મોડાસા રૂરલ પોલીસે ટ્રેક્ટર ચાલક વિરૂદ્ધ અકસ્માતને મોતનો ગુન્હો નોંધી ફરાર ટ્રેક્ટર ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.




મોડાસા તાલુકાના રખીયાલ ગામના ધોરણ-૧૨ના વિદ્યાર્થીનું મજુરીકામ દરમ્યાન ટ્રેક્ટરમાંથી પડી જતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. રખીયાલ ગામના અને ધો.૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થી આશીકસીંહ ભરતસીંહ મકવાણા ઉં.વ.૧૭ રવિવારે રજા અને ઘરની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી રવિવારે સાંજના સુમારે ગામના જ ટ્રેક્ટર ચાલક સંજય ઉર્ફે ભોટીયો બાલુસીંહ મકવાણાના ટ્રેક્ટરમાં મજુરી કામે જતાં રખીયાલ ગામમાંથી ટ્રેક્ટરમાં રેતી-કાંકરો ભરી નજીકના ભચડીયા ગામે જઈ રહ્યા હતા ત્યારે ટ્રેક્ટર ચાલકે પોતાના કબ્જા હેઠળનું સ્વરાજ ટ્રેક્ટર નંબર વગરનું મલપુર નજીકની ડીપ હોવા છતાં ગફલતભરી રીતે પૂરઝડપે હંકારતા ટ્રેક્ટરમાં મજુરીકામ અર્થે બેસેલા આશીકસીંહ આકસ્મીક રીતે નીચે પટકાઈ જતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. અકસ્માતની જાણ રખીયાલ ગામમાં થતાં પરિવારજનો અને કુટુંબીજનો ઘટનાસ્થળે પહોંચી જઈ આક્રંદ કરી મુક્યું હતું.

ધો. ૧૨ના આશાસ્પદ વિદ્યાર્થીનું અકસ્માતમાં મોત નિપજતાં પરિવારજનો પર આભ તુટી પડ્યું હતું. રખીયાલ ગામમાં ગમગીની છવાઈ હતી. મૃતક યુવાનના કાકાએ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને જાણ કરતાં મોડાસા રૂરલ પોલીસે ટ્રેક્ટરચાલક વિરૂદ્ધ અકસ્માતમાં મોત નિપજાવવાનો ગુન્હો નોંધી ફરાર ટ્રેક્ટર ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## ધો. ૧૨ના વિદ્યાર્થીએ ૫ વર્ષની ઉંમરે જ પિતાની છત્રછાયા ગુમાવી હતી

મૃતક વિદ્યાર્થી આશીકસીંહના કાકાના અમૃતસીંહ મકવાણાનાજણાવ્યા અનુસાર આશીકસીંહ ૫ વર્ષનો હતો ત્યારે જ તેના પિતાની છત્રછાયા ગુમાવી દીધી હતી. ગરીબ પરિસ્થિતિ હોવાના લીધે મૃતક યુવાન સપ્તાહ દરમ્યાન અભ્યાસ કરતો હતો જ્યારે શનિ-રવિવારે રજાના દિવસે મજૂરીકામ કરી તેની માતાને જીવનિર્વાહ ચલાવવા મદદ કરતો હતો. આશીકસીંહને ધો. ૧૨ની બોર્ડની પરીક્ષા સોમવારથી મોડાસા સર્વોદય હાઈસ્કૂલમાં શરૂ થતી હોવાથી રખીયાલથી મોડાસા જવાના ભાડા માટે અને માતાની મદદરૂપ થવા માટે રવિવારે મજુરી ગયો હતો જ્યાં તેને કાળ ભરખી જતાં તેની માતા અને નાના ભાઈ પર આભ તુટી પડ્યું હતું.

# અરવલ્લીમાં ૨૮ ટકા વરસાદની ઘટ છતાં ૧૦૦૦ હેક્ટર વાવેતર વધ્યુ

મોડાસા,તા. ૫

સત્તાવાર રીતે ચોમાસુ પૂર્ણ થયાની જાહેરાત વચ્ચે અરવલ્લી



જિલ્લામાં સરેરાશ વરસાદ કરતાં ૨૮ ટકા ઘટ વચ્ચે ચાલુ વર્ષે ૧૦૦૦ હેટર જમીનમાં ખરીફ પાકના વાવેતરમાં વધારો નોંધાયો છે.

જિલ્લામાં ગત માસની ૨૩મી તારીખે વરસેલા વરસાદ બાદ મેઘરાજાએ વિરામ ફરમાવ્યો છે. બીજી તરફ સત્તાવાર રીતે ચોમાસુ પૂર્ણ થયાની જાહેરાત પણ કરી દેવાઈ છે. ત્યારે ચાલુ વર્ષે જિલ્લામાં નોંધાયેલા ૭૧૯ મીમી વરસાદ સામે સરેરાશ વરસાદની ગણતરીએ ૨૮ ટકાની ઘટ છે.

બીજી તરફ જિલ્લામાં ગત વર્ષે ૨,૦૪,૨૬૨ હેક્ટરમાં ખરીફ પાકના વાવેતર સામે ચાલુ વર્ષે ૧૧૪૧ હેક્ટર વાવેતરમાં વધારો થયો છે. ખેતીવાડી વિભાગના આંકડા મુજબ, ચાલુ વર્ષ ૨,૦૫,૪૦૩ હેક્ટર જમીનમાં કરાયેલ ખરીફ પાક વાવેતરમાં દિવેલા અને મગફળી પાકોના વાવેતરમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. જ્યારે અળદ, શાકભાજીના વાવેતર સાથે શેરડી, ઔષધિય પાકો, વરિયાળી, શણ અને ફળઝાડનું વાવેતર પણ વધ્યું છે.

જિલ્લામાં છેલ્લા ૧૦ વર્ષમાં વરસેલા સરેરાશ ૧૦૦૦ મી.મી. વરસાદની સામે ચાલુ વર્ષે ૭૧૭ મીમી વરસાદ વરસતાં વરસાદ ઘટ્યો છે. ગત વર્ષે ૨૧૮૦૦ હેક્ટર જમીનમાં થયેલા દિવેલા અને ૧૬૧૦૦ એકર જમીનમાં કરાયેલા મગફળીના વાવેતર સામે ચાલુ વર્ષે દિવેલાનું વાવેતર ૩૩,૬૫૦ હેક્ટર અને મગફળીનું વાવેતર ૨૩,૫૭૦ હેક્ટરમાં કરાતાં નોંધપાત્ર વધારો નોંધાયો હતો.

## કપાસના ભાવમાં સર્જાયેલી અનિશ્ચિતતાથી વાવેતર ઘટ્યું

ગત વર્ષની સરખામણીમાં કપાસ, મકાઈ, તલ અને સોયાબીનના વાવેતરમાં આશ્ચર્યજનક ઘટાડો જોવા મળી રહ્યો છે. મેઢાસણના પ્રગતિશીલ ખેડૂત અને તાલુકા કિસાન સંઘના પ્રમુખ જગદીશભાઈ પટેલના જણાવ્યા મુજબ ગત વર્ષે કપાસના ભાવોમાં સર્જાયેલી અનિશ્ચિતતા, કપાસમાં ફેલાતા સુકારાના રોગથી ઘટતું ઉત્પાદન ઓછા વાવેતર માટે કારણભૂત ગણી શકાય. જ્યારે પંથકમાં નીલગાયો અને ભૂંડોના વધતા જતા ભેલાણના ત્રાસથી મકાઈ સહિતના પાકોનું વાવેતર ઘટ્યું છે.

**ખરીફ વાવેતર વધ્યું**

સોયાબીન - ૧૦૮૮૦૧૦૨૯૭
તુવેર - ૮૪૪૦૬૧૮૩
મગ - ૧૧૪૦૭૯૬
દિવેલા - ૨૧૮૦૦૩૩૬૫૦
મગફળી - ૧૬૧૦૦૨૩૫૭૦
અળગ ૩૨૧૫૪૨૩૭
શાકભાજી - ૧૯૭૦૨૫૦૫

**ખરીફ વાવેતર ઘટ્યું**

કપાસ - ૬૫૪૧૫૫૧૮૪૮
મકાઈ - ૩૫૫૫૦૩૪૧૧૮
તલ - ૯૦૦૮૭૦